ક્રમાંક: બગશ/૧૧૨૦૨૦/૪૭૮/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/૦૧/૨૦૨૨.

પ્રતિ,
નિયામકશ્રી
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તા.૦૫/૦૭/૨૦૨૧ના પત્ર ક્રમાંક:હિતિનિ/PVU/શા.નં.૨/૨૦૨૧/૨૫૦ના અનુસંધાને જણાવવાનું કે, ઉક્ત પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા બાબતે નાણા વિભાગના પરામર્શમાં સ્પષ્ટતા/સૂચના/આદેશ થઈ આવવા જણાવેલ છે. જેના અનુસંધાને વિભાગ દ્વારા નાણા વિભાગનો પરામર્શ કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

| ક્રમ | હિસાબ અને તિજોરી નિયાકશ્રીએ માંગેલ સ્પષ્ટતા | નાણા વિભાગમાં પરામર્શમાં કરવામાં આવેલ સ્પષ્ટતા |
|---|---|---|
| ૦૧ | બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ (જુનિયર ક્લાર્ક) માટે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ/પ્રથમ બઢતી (સીનીયર ક્લાર્ક) મેળવવા ખાતાકીય પરીક્ષા નિયત થયેલ છે? કે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ/બીજી બઢતી (હેડ ક્લાર્ક) મેળવવા ખાતાકીય પરીક્ષા નિયત થયેલ છે? જે અંગે સ્પષ્ટતા. | વિભાગના તા.૩૧/૦૮/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓ માટેની ખાતાકીય પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. જે મુજબ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ/પ્રથમ બઢતી (સીનીયર ક્લાર્ક) મેળવવા અને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ/બીજી બઢતી (હેડ ક્લાર્ક) મેળવવા ખાતાકીય પરીક્ષા નિયત થયેલ છે. (નકલ સામેલ છે) |
| ૦૨ | તા.૧-૦૯-૨૦૨૦ કે ત્યાર બાદ ફરજ ઉપર ચાલુ હોય તેવા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ વિભાગના તા.૧-૦૯-૨૦૦૭ના ઠરાવ તારીખ કે ત્યાર બાદ પ્રથમ/દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા | વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી ખાતાકીય પરીક્ષા દાખલ કરવાનો નિર્ણય થયેલ હોઈ, તા.૦૧/૦૯/૨૦૨૦ કે ત્યારબાદ પ્રથમ/દ્વિતીય ઉચ્ચતર પગારધોરણની પાત્રતા ધરાવતાં કર્મચારીઓના કેસોમાં ખાતાકીય પરીક્ષાની ચકાસણી કરવાની થાય. |

| | | |
|---|---|---|
| | ધરાવતાં હોય તે કેસમાં ખાતાકીય પરીક્ષાની ચકાસણી કરવાની થાય? કે વિભાગના તા.૧-૦૯-૨૦૨૦ના ઠરાવ તારીખ કે ત્યાર બાદ પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા ધરાવતાં હોય તે કેસમાં ખાતાકીય પરીક્ષાની ચકાસણી કરવાની થાય? જે અંગે સ્પષ્ટતા. | |
| 03 | તા.૧-૦૯-૨૦૨૦ કે ત્યાર બાદ ફરજ ઉપર ચાલુ હોય તેવા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ તા.૧-૦૯-૨૦૨૦ પહેલા પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા ધરાવતાં હોય તેવા કેસોની પગાર બાંધણી ચકાસણી આ કચેરી દ્વારા કરવાની થાય કે કેમ? જે અંગે સ્પષ્ટતા. | વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી ખાતાકીય પરીક્ષાનું આયોજન/દાખલ કરવાનો નિર્ણય થયેલ છે. જેથી તા.૦૧/૦૯/૨૦૨૦ પહેલાં જે કર્મચારીને પ્રથમ/દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય તેવા કેસોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની વિગતો ધ્યાને લીધા સિવાય પગાર ચકાસણી કરવાની થાય. |
| 04 | તા.૧-૦૯-૨૦૨૦ કે ત્યાર બાદ ફરજ ઉપર ચાલુ હોય તેવા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ તા.૧-૦૯-૨૦૨૦ કે ત્યાર બાદ પ્રથમ/દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા ધરાવતાં હોય તેવા કેસોમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી જ મંજુર કરવાનું થાય તથા દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોય તો પાત્રતા તારીખથી કે નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોય તો ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરવાનું થાય. જે અંગે સ્પષ્ટ આદેશ. | તા.૦૧/૦૯/૨૦૨૦ કે ત્યાર પછી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા ધરાવતા કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાનું આયોજન થયા બાદ, કર્મચારી ખાતાકીય પરીક્ષા પાસ કરે તો તેઓને ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી અન્ય શરતો ચકાસી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય. જ્યારે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ નાણા વિભાગના તા.૧૨/૦૮/૨૦૦૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ પરીક્ષા પાસ કરવાની શરતે મંજૂર થઇ શકશે. |
| 05 | રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ ગુજરાતી પરીક્ષા પાસ કરવાની જોગવાઈ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં દાખલ કરવા ઘટીત કાર્યવાહી હાથ ધરવા | વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા તમામ કર્મચારીઓની બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે સરકારશ્રીના ધારાધોરણો મુજબ ગુજરાતી ભાષાની પરીક્ષા |

| | | |
|---|---|---|
| | | પાસ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે. આ ઠરાવની નકલ આ સાથે સામેલ છે. |

ઉક્ત વિગતો ધ્યાને લઈ, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

બિડાણ: ઉપર મુજબ

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે:-**

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.